# હિન્દૂ યુવા વાહીની દ્વારા હનુમાન જન્મોત્સવ નિમિતે માલપુર ખાતે શોભાયાત્રા યોજાઈ



હનુમાન જન્મોત્સવ ના પવિત્ર તહેવાર નિમિત્તે માલપુર ગામ ખાતે હિન્દૂ યુવા વાહીની દ્વારા નાનાવાડા રોડ ખાતે થી માલપુર નગર ખાતે જય શ્રી રામ ના નારાઓ સાથે 'શોભાયાત્રા' યોજવા માં આપી હતી. જે પ્રસંગે માલપુર તાલુકા પંચાયત પ્રમુખ સંજયભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ ભાગ્યશ્રીબેન પંડયા, માલપુર ઉપસરપંચ મહેશભાઈ ઉપાધ્યાય, યુવા મોરચા પ્રમુખ કશ્યપભાઈ પટેલ, જિલ્લા સંયોજક પરીક્ષિત ગોર, સચિન કડીયા, તેમજ હિન્દૂપ્રેમી અગ્રણીઓ, ભાજપના હોદેદારો, કાર્યકર્તાઓ, અને ખૂબ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયા હતા અને હનુમાન જન્મોત્સવની ઉજવણી કરી હતી.

# યાત્રાધામ ખેડબ્રહ્મા ખાતે ચૈત્રી પૂનમનો મેળામાં ભક્તો ઉમટ્યા



કોરોનાના કપરા બે વર્ષ બાદ યાત્રાધામ ખેડબ્રહ્માના શ્રી અંબાજી મંદિરે માતાજીના દર્શન કરવા તથા મહામેળામાં વહેલી સવારથી ભક્તો મોટી સંખ્યામાં ઉમટયા હતા. અત્યારે હાલ ગરમીએ માઝા મુકી છે પણ ભક્તો શ્રી અંબિકા માતાજીના દર્શન કરવા માટે વહેલી સવારથી જ ઉમટયા હતા. કોરોનાના બે વર્ષ બાદ યાત્રાધામ ખેડબ્રહ્મા ખાતે ચૈત્રી પૂનમનો ત્રિ-દિવસીય મોટો મેળો ભરાય છે. આ મેળામાં નાના મોટા વહેપારીઓ સ્ટોલ પણ લગાવ્યા હતા અને સ્ટોલ ધારકો ખુશખુશાલ જણાતા હતા. જે ભક્તજનોને ચૈત્રી પુનમની બાધા રાખી હોય છે તે બે વર્ષ બાદ આજે બાધા પુરી કરી હતી અને કોરોનાની મહામારી હજુ પણ કયાંક દેખાઈ રહી છે તે સંપૂર્ણ નાબુદ થાય તેવી માતાજી સમક્ષ પ્રાર્થના કરી હતી. બે વર્ષ પછી સરકારે સંપૂર્ણ છૂટછાટ આપી હોવાથી ભક્તજનો સાબરકાંઠા ઉપરાંત અમદાવાદ, વડોદરા, મુંબઈ, સુરત તથા રાજસ્થાન થી આવીને માતાજીના દર્શન કર્યાં હતા. ગરમીની સીઝન હોવાથી ભકતોને તકલીફ ના પડે તે માટે મંદિર ટ્રસ્ટ તરફથી ઠંડા પાણીના કુલરોની વ્યવસ્થા કરી હતી.

# શામળાજી કાળિયા ઠાકરોના દર્શન કરવા પહોંચ્યા ભક્તો

### ચૈત્રી પૂનમે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું



અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે પૂનમના દર્શનનું અનેરૂ મહત્વ હોય છે, દર પૂનમે ભક્તો દર્શન કરવા પહોંચતા હોય છે, ત્યારે ચૈત્રી પૂનમના દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો શામળાજી ખાતે પહોંચ્યા હતા. વહેલી સવારથી જ ભક્તો ભગવાન શામળિયાના દર્શને પહોંચતા ભારે ભીડ જોવા મળી હતી.ચૈત્રી પૂનમ હોવાથી મંદિર પરિસરમાં શામળિયાના દર્શન કરવા માટે ભક્તો વહેલી સવારથી જ શામળાજી ખાતે પહોંચ્યા હતા, જ્યાં આરતીનો લ્હાવો પણ લીધો હતો. ચૈત્રી પૂનમના દર્શન કરીને ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

# અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ



અરવલ્લી જિલ્લાના જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતિ શ્વેતા તેવટીયાની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, સંકલનના અમલીકરણ અધિકારીઓને અરવલ્લી જિલ્લાના અરજદારો તરફથી આવતી ફરિયાદોનું દરેક પ્રશ્નોનોનું ઝડપથી નિરાકરણ આવે, પ્રજાની વચ્ચે રહીને પ્રજાને સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓનો લાભ અપાવીએ, તેમજ દરેક વિભાગના અધિકારીશ્રીઓએ ફિલ્ડમાં જવું અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટેના પ્રયાસો કરવા તાકીદ કરી હતી તથા રાત્રી ગ્રામ સભા યોજી અધિકારીશ્રી ઓ સ્થળ ઉપર પ્રશ્નોનું નિરાકરણ કરવા પણ જરુરી સુચન અમલીકરણ અધિકારીશ્રીઓને કર્યુ હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતિ શ્વેતા તેવટીયા, અધિક નિવાસી કલેકટરશ્રી એન.ડી.પરમાર, બાયડ, મોડાસા પ્રાંત અધિકારીશ્રીઓ અને સંકલનના અન્ય અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૨૦૦ વર્ષ પૂર્વે આદિવાસીઓની પ્રચલિત વાનગીને લોકપ્રિય બનાવવાનો પ્રયાસ જરુરી

# સાબરકાંઠાના જંગલ વિસ્તારમાં આદિવાસીઓની પ્રિય વાનગી એટલે મહુડાનાં ઢોકળા.......

## વિસરાતી જતી વનવાસી વાનગી ભુલાઈ જવાની તૈયારીમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

આધુનિકતાની દોટમાં પરંપરાગત સંસ્કૃતિ લુપ્ત થવાની સાથે હવે પરંપરાગત વાનગીઓ વિસરાઈ રહી છે. સાબરકાંઠા જિલ્લાના બહુમૂલ આદિવાસી વિસ્તારોમાં આજથી ૨૦૦ વર્ષ પૂર્વે મડાનાં ઢોકળાંની વાનગી વનવાસીઓમાં ખુબ પ્રચલિત હતી પરંતુ મહૂડાનાં વૃક્ષો ઘટ્યાં તેની સાથે આ વાનગી પણ સંપૂર્ણ ભૂલાઈ જવાની તૈયારીમાં છે. મોટા શહેરોમાં ફુડ ફેસ્ટીવલ યોજી વિસરાતી વાનગીઓને લોકો સમક્ષ રજૂ કરવામાં આવે છે પરંતુ પરંપરાગત વાનગીઓ વધુ લોકપ્રિય બની રહે તેવા ખુબ ઓછા પ્રયાસ થઈ રહ્યા છે.







ગાઢ જંગલ વિસ્તારમાં કુદરતના સાનિધ્યમાં જીવન જીવતા આદિવાસી સમાજની એક નાંખી સંસ્કૃતિ અગાઉ જોવા મળતી હતી. ખાનપાન અને વ્યવસાયમાં આમૂલ પરીવર્તન આવતાં હવે લોકમેળાઓ તેમજ આદિવાસી વિસ્તારોમાં ખાસ કાર્યક્રમ સમયે જ આ સંસ્કૃતિ દ્રશ્યમાન થતી હોય છે. જે રીતે પરંપરાગત સંસ્કૃતિ લુપ્ત થઈ રહી છે તે જ રીતે આદિવાસીઓની પરંપરાગત કેટલીય વાનગીઓ આધુનિક યુગમાં નામશેષ થઈ છે. એક સમયે બૃહદ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકાના જંગલ વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસી પરિવારો હોંશે હોંશે મહડાનાં ઢોકળાં બનાવી આરોગતા હતા. મહડાના પાકી ગયેલા ફળના ગરમાં લોટ ઉમેરી તૈયારી થતાં ઢોકળાંનાં સ્વાદ ભલભલાને દાઢે વળગે તેવો રહેતાં હતાં. આદિવાસી સમાજમાં મહેમાન આવે કે પછી ઘરમાં કોઈ સારો પ્રસંગ હોય ત્યારે અગાઉથી એકત્ર કરેલા મડામાંથી ઢોકળાં તૈયાર કરી પીરસવામાં આવતાં હતાં. ૨૦૦ વર્ષ પૂર્વે દરેક આદિવાસી પરિવારો આ વાનગી આરોગતા હતા પરંતુ મહૂડાનાં વૃક્ષો ઘટતાં આ વાનગી વિસરાવા લાગી છે. પોશીના પંથકમાં સંસ્કૃતિની સાથે પ્રકૃતિના જતન માટે વર્ષોથી કાર્યરત લલીતમ ઋતિકુંજના સંસ્થાપક બીરબલ રાઠોડે જણાવ્યું હતું કે અગાઉના વર્ષોમાં પ્રકૃતિના સહયોગથી સ્વસ્થ જીવન જીવવા માટે આદિવાસી પ્રજા ખોરાકમાં વૃક્ષોના ફળફુલનો વધુ ઉપયોગ કરતી હતી. મહૂડાનાં વૃક્ષો વધુ હોવાના કારણે તેના ફુલ સૂકવ્યા પછી તેને કપડામાં બાંધી કૂટવામાં આવતા હતા. ત્યારબાદ ઉકાળેલા ગરમ પાણીમાં મડાનો ગર નાખી ઘઉંનો લોટ ઉમેરી રોટલા જેવો લોટ બાંધવામાં આવતો હતો. ઢોકળા બનાવા માટે નાના નાના લુવા લઈ ઘઉં કાપેલા હોય તેના હારવા ખેતરમાંથી લઈ આવામાં આવતો તપેલા કે હાંડલીની અંદર તેનાં માળો બનાવામાં આવતાં. નીચે પાણી મૂકી આગથી ચૂલો પેટાવામાં આવતો હતો. જ્યારે તપેલા કે હાંડલીનું ઢાંકણ બંધ કરી મડાનાં ઢોકળાં સંપૂર્ણ બફાઈ જાય એટલે તેને ચૂલા પરથી ઉતારી ઠંડા પડવા દેવામાં આવતા ત્યારબાદ આરોગવા સમયે તેમાં ઘરનું દેશી ઘી ઉમેરી ચુરમા સ્વરુપે મહૂડાનાં ઢોકળાં લીજ્જતથી આદિવાસી પ્રજાજનો આરોગતા હતા. શાક કે દાળ સાથે પણ તેનો સ્વાદ બમણો થઈ જતો હોવાથી ઘર..ઘેર મહૂડાનાં ઢોકળાં ખુબ પ્રચલિત હતાં પરંતુ જેમ મહૂડાનાં વૃક્ષો ઘટતાં ગયાં તેમ આ વાનગી ભૂલાઈ રહી છે. સંસ્થા દ્વારા ફરીથી જંગલ વિસ્તારમાંથી મહૂડા એકત્ર કરી આ વાનગી તૈયાર કરવા માટેની લાઈવ રેસીપી આદિવાસી પરિવારોને બતાવી વિસરાતી જતી આ વાનગીને ફરીથી પ્રચલિત બનાવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આદિવાસી પ્રજા મહૂડાને પવિત્ર વૃક્ષ માનતી આવી છે અને તેના તમામ અંગો ઉપયોગી હોવાથી અસંખ્ય મહૂડાનાં વૃક્ષોનું જતન વર્ષોથી આ પ્રજા કરતી આવી છે પરંતુ હવે મહૂડાનાં વૃક્ષો જ ઘટવા લાગતાં આદિવાસીઓની ૨૦૦ વર્ષ જૂની મહૂડાનાં ઢોકળાંની વાનગી ભૂલાઈ જાય તે પૂર્વે ફૂડ ફેસ્ટીવલ યોજનારા પરંપરાગત વાનગીનો સ્વાદ અકબંધ રહે તેવા પ્રયાસ કરે તે જરૂરી બન્યું છે.

### મહૂડાના વૃક્ષમાં ૧૦૦ થી વધુ રોગ દૂર કરવાની શક્તિ

આદિવાસી પ્રજા આદિકાળથી મહૂડાના વૃક્ષને પવિત્ર માની તેનું જતન કરતી આવી છે. મહૂડાના ફળફૂલમાંથી અનેક પ્રકારની અગાઉ બનતી વાનગીઓ હવે લુપ્ત થઈ છે. મહૂડાના વૃક્ષામાં ૧૦૦ થી વધુ રોગ દૂર કરવાની શક્તિ રહેલી છે. જેમાં ઝેર ઉતારવા માટે મહૂડાના ફૂલને પીસી લેપ કરવાથી રાહત થાય છે. મહૂડાનું મધ આંખોમાં લગાવાથી આંખોનું તેજ વધે છે. કમજોરી માટે મહૂડાના ફૂલને દૂધમાં ઉકાળી પીવાથી શરીરની નબળાઈ દૂર થતી હોય છે. જ્યારે દાંતના દર્દી માટે પણ મહૂડાના મધનો ઉપયોગ વર્ષોથી થતો આવ્યો છે. જ્યારે શરદી, તાવ, વાતપિત્ત, કફ તેમજ સાંધાના દુખાવા માટે પણ મહૂડાના ફૂલ, છાલ તેમજ તેલનો ઉપયોગ વર્ષો પૂર્વે થતો હતો.

### મહૂડાના ફૂલમાં શક્તિનો ભંડાર

મહૂડાનાં વૃક્ષો ઘટતાં તેનો ઉપયોગ ઘટી રહ્યો છે. સાબરકાંઠાના આદિવાસી વિસ્તારોમાં એક સમયે અસંખ્ય મહુડાનાં વૃક્ષ હોવાના કારણે પરંપરાગત દવા તેમજ ભોજનમાં તેનો ઉપયોગ થતો હતો. મહૂડાના ફૂલમાં પ્રોટીન, કેલ્શીયમ, ફોસ્ફરસ અને ચરબી વગેરે ભરપૂર પ્રમાણમાં મળતી હોવાના કારણે જંગલોમાં વસવાટ કરતી પ્રજા શક્તિના ભંડાર સમા મહુડાનાં ફૂલનો ઉપયોગ કરી મહુડાનાં ઢોકળા આરોગતી હતી.

### વિસરાતાં વૃક્ષો, વાનગીઓને જીવંત કરવા લલીતમ સ્મૃતિ કુંજનો સરાહનીય પ્રયાસ

સાબરકાંઠાના અંતરીયાળ આદિવાસી વિસ્તારોમાં વિસરાતા જતા વૃક્ષોની સાથે પરંપરાગત વાનગીઓને આજના આધુનિક યુગમાં જીવંત કરવા માટે પોશીના પંથકની લલીતમ ઋતિકુંજ દ્વારા સરાહનીય પ્રયાસ થઈ રહ્યા છે. સંસ્થાના સ્થાપક બીરબલ રાઠોડ દ્વારા આ વિસ્તારમાં લુપ્ત થતા વૃક્ષોને બચાવાનું અભિયાન શરુ કરવામાં આવ્યા પછી હવે આદિવાસી પ્રજામાં ૨૦૦ વર્ષ પૂર્વે લોકપ્રિય અને હાલ લુપ્ત થયેલી વાનગીઓને જીવંત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

# અરવલ્લી જીલ્લામાં હનુમાન મંદિરોમાં હનુમાન જયંતિની ભવ્યાતિભવ્ય ઉજવણી

### સાકરિયાના અલભ્ય સુતેલા હનુમાનના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ : ચૈત્રી પૂનમે ઈટાડીના અંબાજી મંદિર,શામળાજીના વિષ્ણુ મંદિરે, મોડાસાના બાલકદાસ મંદિરે ભક્તોની ભારે ભીડ

મોડાસા, તા. ૧૬

શનિવારના દિવસે હનુમાન જંયતી હોવાને કારણે એક વિશેષ યોગ સર્જાયો હતો ગર્ભ ગૃહને ફૂલો અને લાઈટોની રોશનીથી શણગારાયા હતા. જ્યારે હનુમાન જયંતી નિમિત્તે ભગવાનને બદામ કાજુ જેવા સૂકા મેવાનો ભોગ





ધરાવાયો હતો આ પ્રસંગે મારૂતિ યજ્ઞ પણ કરાયો હતો. જેમા ૧૦૦ પરિવારોએ યજ્ઞ પૂજામાં બેસી પૂજાવિધીનો લાભ લીધો હતો.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ઠેર ઠેર હનુમાનજી મંદિરે વહેલી સવારથીજ દર્શનનો લ્હાવો લેવા ભક્તોની ભારે ભીડ ઉમટી હતી મોડાસા તાલુકામાં આવેલા સાકરીયા ગામે રાજ્યનું એક માત્ર સુતેલા હનુમાનજીનું અતિપ્રાચીન ભીડભંજન મંદિરે હનુમાનજીનો જન્મોત્સવ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતીઆ પ્રસંગે ભગવાનના મંદિર સહિત

શનિવાર અને હનુમાન જયંતીના પાવન અવસરે ભગવાનના દર્શન માટે વહેલી સવારથી હજારો ભક્તો દર્શન માટે ઉમટયા હતા ને દર્શન કરી ધન્ય બન્યા હતા. આ પ્રસંગે મંદિર ટ્રસ્ટ દ્વારા ૩૧ કિલોની કેક પણ બનાવાઈ છે જે મોડી રાત્રે કાપવામાં આવશે અને ભક્તોને પ્રસાદી રૂપે વહેંચવામાં આવશે તેમ મંદિરના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું જીલ્લામાં આવેલા હનુમાનજી મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા હતા અને લઘુરુદ્ર અને મહાઆરતી નું આયોજન કરવામાં આવ્યું હતુ સાકરીયા હનુમાન મંદિરે ૨૫ હજારથી વધુ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો આ ઉજવણીમાં મંદિરમાં ૫૦૦ થી વધુ સ્વંયમસેવકોએ ખડેપગે ભક્તોની સેવા કરી હતી. ચૈત્રી પૂનમ હોવાથી મોડાસા તાલુકાના ઈટાડી ગામના સુપ્રસિદ્ધ અંબાજી મંદિરે મોટીસંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા ૬ હજારથી વધુ દર્શનાર્થીઓએ મહાપ્રસાદ નો લાભ લીધો હતો શામળાજીના વિષ્ણુ મંદિરે કાળીયા ઠાકોરના દર્શનાર્થે ભક્તોની ભારેભીડ થી મંદિર અને મંદિર પરિસર ઉભરાયું હતું મોડાસાના શ્રી બાલકદાસજી મંદિરે લક્ષ્મી નારાયણ મહાપૂજા અને મહા આરતીનું આયોજન કરતા શહેરજનો એ પૂજા અર્ચનાનો લાભ લીધો હતો જીલ્લાનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું



મેઘરજ જલારામ મંદિર ખાતે સાબરડેરી દ્વારા ઝોનલ મિટિંગનુ આયોજન કરેલ જેમા સાબરડેરી ના તેમજ અમુલ ફેડરેશન ના ચેરમેન અને એનડીડીબી ના ડિરેક્ટર શ્રી શામળભાઈ પટેલ , સાબરડેરી ના પુર્વ ચેરમેન શ્રી જયંતીભાઈ પટેલ. બેક્ક ડિરેક્ટર શ્રી નરેન્દ્રભાઈ ઉપાધ્યાય. ભાજપ જિલ્લા મહામંત્રી ભીખાજી ડામોર. ભાજપ પ્રમુખ મેઘરજ ભુપતસિંહ ચૌહાણ. જિલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ મનાત. પુર્વ જિલ્લા પંચાયત સદસ્ય શ્રી બળવન્તસિંહ રાઠોડ. પુર્વ જિલ્લા પંચાયત સદસ્ય મણીલાલ પાન્ડોર.મોતીલાલ પટેલ ઈસરી.તેમજ સાબરડેરી ના આસી જનરલ મેનેજર ડો એમ.એન.પટેલ ડો કે.આર.પટેલ હાજર રહેલ કાર્યક્રમ મા મેઘરજ તાલુકા ની દુધ મંડળી ઓ ના ચેરમેન શ્રી અને સેક્રેટરી શ્રી તેમજ વ્યક સભ્યો એ હાજરી આપેલ કાર્યક્રમ નુ સફળ સંચાલન મેનેજર શ્રી ડો જે.કે.પટેલ શ્રી એ કરેલ અને આ કાર્યક્રમ ને સફળ બનાવવા શામળાજી એમ.પી.ઓ ના સુપરવાઈઝરઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# જિલ્લા પંચાયત ઉપપ્રમુખની દિલ્લી ખાતે પી. એમ. સાથે મુલાકાત બાદ રાજકારણમાં ગરમાવો

મેઘરજ તા.૧૬



અરવલ્લી જિલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ મનાતની દિલ્લી ખાતે પી.એમ. સાથેની મુલાકાત બાદ મેઘરજ ભિલોડાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.મેઘરજ ભિલોડા વિધાનસભા બેઠક માટે ભાજપ તરફથી ચૂંટણી લડવા માટે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુ મનાતએ તૈયારીઓ હાથ ધરી છે અને ટેકેદારોને સાથે રાખી આગળ વધી રહ્યા છે ત્યારે ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત બાદ મેઘરજ ભિલોડાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.મેઘરજ ભિલોડા બેઠક માટે ટિકિટ મેળવવા હાલ આઠ જેટલાં નેતાઓ વચ્ચે હોડ જામી છે અને અંદર ખાનગી પોતાના ટેકેદારોને મળી પોતાની તરફેણમાં રજૂઆતો કરવા કમર કસી રહ્યા છે.ચૂંટણી લડવાના થનગનાટ વચ્ચે આ વખતે પ્રજાની વચ્ચે રહી લોક હિતનું કાર્ય કરનાર અને અંતરિયાળ વિસ્તારમાં રહેલા લોકોની સમસ્યાઓ જાણી તંત્ર સુધી પહોંચાડી નિરાકરણ લાવનાર અજાણ્યા વ્યક્તિનું કિસ્મત ખુલશે તેવુંદેખાય રહ્યુંછે. ઉમેદવાર બાબતે ભાજપ હાઈકમાન્ડ પણ કોઈ પણ પ્રકારની ઉતાવળ કરવા ના માગતું હોય તેવું દેખાઈ રહ્યું છે.અને બંને તાલુકામાં લોકપ્રિય હોય અને પ્રજાની વચ્ચે રહી કામ કરનાર ઉમેદવારની જ પસંદગી કરશે તેવું લાગી રહ્યું છે.

# મીનારક પૂરા થતાં શુભ પ્રસંગોની શરુઆત જિલ્લામાં લગ્નસરાની સીઝન ખૂલી

### ધોમધખતા તાપમાં જાનૈયાઓ અવસરોમાં મશગુલ બાયડ

(બ્યુરો ઓફિસ) તા.૧૬

મીનારક પૂરા થતાં જિલ્લામાં શુક્રવારથી લગ્નસરા સહિત શુભ પ્રસંગોની ફરી સીઝન ખૂલી છે. ૪૨ ડિગ્રી ધોમધખતા તાપમાં શુભ અવસરો ઉપર બ્રક વાગી હતી. જ્યારે ગરમી છેલ્લા ૧૦-૧૨ દિવસથી રાડ પડાવી રહી છે ત્યાં તા.૧૫ એપ્રિલથી લગ્નસરાની સીઝન પૂરબહાર ખીલતાં અનેક ગરમીમાં લગ્નસરાનો બીજો રાઉન્ડ શરુ થતાં અવસર પ્રિય પ્રજા ધોમધખતા તાપમાં પણ લગ્નના અવસર હાલતી જોવા મળી.

**લગ્નના શુભ મૂહર્ત.....**

| મહિનો | તારીખ |
|---|---|
| એપ્રિલ | ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૧, ૨૨, ૨૪, ૨૫ |
| મે. | ૪, ૫, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, |
| જૂન | ૧, ૬, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૨૩, ૨૪ |
| જુલાઈ | ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૨૦, ૨૧, ૨૫, ૨૬, ૨૭ |

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અનેક વિસ્તારોમાં ભરબપોરે વરઘોડા નિકળ્યા ત્યારે જાનૈયાઓ અવસરોમાં મશગુલ જોવા મળ્યા. તા.૮ જુલાઈ સુધી શુભ મૂહર્ત હોવાનું જ્યોતિષીઓ જણાવી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુરુનો અસ્ત, હોળાષ્ટક અને મીનારકના કારણે છેલ્લા ૬૨ દિવસથી લગ્નસરા સહિત અન્ય ગામોમાં શરણાઈના સૂર સાંભળવા મળી રહ્યા છે. બે મહિના પછી લગ્નસરાની સીઝન શરુ થતાં સંલગ્ન ધંધામાં પણ ઘરાકી જોવા મળી છે. જ્યોતિષીઓના મતે એપ્રિલ મહિના કરતાં મે મહિનામાં સૌથી વધુ લગ્નના મૂહર્ત નિકળ્યા છે. તા.૧૭ ફેબ્રુઆરીએ નવા વર્ષના લગ્નસરાના અવસર ઉપર બ્રેક વાગ્યા પછી હવે કાળઝાળ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# પ્રાંતિજના સુખડ ખાતે જુગાર રમતા ચાર જુગારીઓને જિલ્લા એલસીબીએ ઝડપી પાડયા

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સુખડ ગામે ખુલ્લી જગ્યામા ગજીપાનાનો જુગાર રમતા ચાર જુગારી ઓને જિલ્લા એલસીબી પોલીસે ઝડપી પાડી ચારેય ઈસમો વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથધરી

જિલ્લા એલસીબી પોલીસ હિંમતનગર વિસ્તાર મા પેટ્રોલિંગ મા હતી તે દરમ્યાન બાતમી મળીકે પ્રાંતિજ ના સુખડ ગામની સીમ મા આવેલ પ્રિન્સ પાર્લર ની પાછળ પાણીની ટાંકી નીચે ઉકરડા પાસેની ખુલ્લી જગ્યાએ કેટલાક માણસો હારજીત નો જુગાર રમે છે જેને લઈ ને જિલ્લા એલસીબી પોલીસ દ્વારા પ્રાંતિજ ના સુખડ ગામે આવીને એ જગ્યા ઉપર જતા ચાર ઈસમો પોલીસ ને જોતા ભાગવાજતા એલસીબી પોલીસે ચારેય ઈસમો ને ઝડપી પાડયા હતા તો ગંજીપત્તા પાના તથા પકડાયેલા ઈસમો પાસેથી અંગજડતી માંથી મળેલ રકમ-૧૧૦૦ તથા દાવ ની રકમ ૨૩૦ ગંજીપાના સહિત કુલ-૧૩૩૦ ના મુદ્દામાલ સાથે વિકમજી જેણાજી ડાભી ઉ.વર્ષ-૩૮ , જશુજી વેચાતજી ડાભી ઉ.વર્ષ-૪૦ , જગાજી ઉમેદજી ડાભી ઉ.વર્ષ-૪૫ , નાથાજી ધુળાજી ડાભી ચારેય રહે સુખડ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા તો ચારેય ઈસમો ની જિલ્લા એલસીબી પોલીસ દ્વારા જુગાર ધારા કલમ-૧૨ મુજબ અટકાયત કરી ગુનોનોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

## જન્મદિને વધામણી



રિધાન હાર્દિકભાઈ પટેલ
રડોદરા તા. બાયડ